Corporate Identity Number(CIN) : U65910GJ1980SGC003957
Email:md-gscsc@gujarat.gov.in, Website:www.gscscl.gujarat.gov.in

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)
ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૨૭૦૭
સેકટર-૧૦.એ, 'ચ' રોડ, નવા સચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦

# માહિતી પુસ્તિકા

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ દ્વારા નીચે જણાવેલ કક્ષાની સીધી ભરતીની જગ્યા અન્વયે પસંદગી / પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીપત્રક મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ https://ojas.gujarat.govt.in વેબસાઈ પર નીચે જણાવેલ સમયગાળા દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેમાં ઉમેદવારે photo 10 kb અને Signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) વધારે નહિ તે રીતે JPG FORMAT માં scan કરી અરજી પત્રકમાં અપલોડ કરવાનો રહેશે.

ઓનલાઈન અરજીપત્રક માં અરજદારે પોતાનો જ ફોટો તથા સહી અપલોડ કરવાની રહેશે અન્યથા અરજીપત્રક રદ કરવામાં આવશે.

અરજી કરવાની વિગતવાર સુચનાઓ / જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર તેમજ અન્ય લાયકાતના બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજી પત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. જેથી અરજીમાંની ખોટી વિગતોના કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહિ.

નીચે દર્શાવેલ કક્ષા સંબંધિત તમામ સુચનાઓ નિગમની www.gscscl.gujarat.gov.in વેબસાઈટ પર તેમજ ઓજસની વેબસાઈટ https://ojas.gujarat.govt.in પર મુકવામાં આવશે. તેથી સમયાંતરે વેબસાઈટ અચૂક જોવાની રહેશે, તેમજ કેટલીક સૂચનાઓ વર્તમાનણત્રોમાં તથા મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે. આ અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પૂર્ણથાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે.

કક્ષાનું નામ :– કાર્યપાલક ઈજનેર, વર્ગ–૧
પગારધોરણ :– રૂા.૬૭૭૦૦/– (પે મેટ્રીકસ લેવલ ૧૧)
કુલ જગ્યા :– ૧ (બીનઅનામત)
ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો : તા.૨૧/૬/૨૦૧૯(૧૪–૦૦ કલાક) થી તા.૧૫/૭/૨૦૧૯ (૨૩–૫૯ કલાક સુધી)
સદરહુ જાહેરાતની ઓન લાઈન અરજી કરતી વખતે જનરલ કેટેગરીના ઉમેદવારે પોસ્ટ ઓફીસ ખાતે રૂા.૫૦૦/– તેમજ અનામત (આ.ન.વ./સા.શૈ.પ.વ./ અ.જા./અ.જ.જા.) કેટેગરીના ઉમેદવારોએ રૂા.૨૫૦/– મુજબ રોકડમાં ફી ભરવાની રહેશે. તમામે પોસ્ટલ ચાર્જ પેટે રૂા.૧૨/– પણ તા.૧૭/૭/૨૦૧૯ સુધીમાં ભરવાના રહેશે અને ચલણ ઓજસ વેબસાઈટ પરથી જ ડાઉનલોડ કરવાનું રહેશે.

| કુલ જગ્યા | બીનઅનામત | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુ.જાતિ | | અનુ. જનજાતિ | | કુલ જગ્યાઓ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી સૈનિક | શોખો.ખાં. |
| ૧ | ૧ | — | — | — | — | — | — | — | — | — |

A **<u>મુખ્ય સુચનાઓ</u>** :

૧. ઉપરોકત જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાંવધ–ઘટ કરવાનો નિગમને અબાધિત હકક રહેશે.

૨. ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રક ભર્યા બાદ તેની એક પ્રિન્ટ આઉટ મેળવીને પોતાની પાસે સાચવીને રાખવી, જયારે નિગમ ધ્વારા અરજીપત્રક રજુ કરવા જણાવવામાં આવે ત્યારે અચુક લાવવાનું રહેશે.

૩. જો ઉમેદવારે આ કક્ષામાં એક થી વધુ અરજીપત્રક ભરેલ હશે તો તેવા ઉમેદવારનું અંતિમ ભરેલ અરજીપત્રક જ વિચારણામાં લેવામાં આવશે અને બાકીના અરજીપત્રકો આપોઆપ રદ થયેલા ગણાશે. જે અંગે ઉમેદવાર કોઈ તકરાર ઉપસ્થિત કરી શકશે નહિ.

૪. કોઈપણ ઉમેદવારે એક થી વધુ અરજીપત્રક ભરેલ હોય અને અલગ–અલગ અરજીપત્રકમાં પોતાના નામ / પિતા / પતિના નામ અને અટકમાં સ્પેલીંગમાં મીસ્ટેક કરેલ હશે અથવા એન્ટ્રી કરવામાં સ્પેસ અલગ–અલગ રીતે રાખેલ હશે તેવા સંજોગોમાં એક જ ઉમેદવારને એક થી વધુ અરજીપત્રક સામે એક થી વધુ કોલ લેટર મળવા પામશે તેવા સંજોગોમાં દસ્તાવેજ ચકાસણી સમયે ઉમેદવાર જે કોલ લેટર મુજબ દસ્તાવેજ ચકાસણી કરાવવા લેખિત વિનંતી / બાંહેધરી આપે તે જ કોલ લેટર મુજબ દસ્તાવેજ ચકાસણી કરવામાં આવશે જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

૫. આ જાહેરાત અન્વયે પસંદગી પામનાર ઉમેદવારને નિગમના વડી કચેરી ખાતે નિમણૂંક આપવામાં આવશે અને વહીવટી કારણોસર બદલી કરવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે.

૬. ઉમેદવાર દ્વારા એક વર્ષનો અજમાયશી ગાળો સંતોષકારક પૂર્ણ કરાયા બાદ જ બાકીના સમય માટે ચાલુ રાખવામાં આવશે.

B **<u>કક્ષાને લગતી વિગત</u>**

| | | |
|---|---|---|
| ૧ | જગ્યાનું નામ | કાર્યપાલક ઈજનેર |
| ૨ | જગ્યાની સંખ્યા | ૧(એક) |
| ૩ | વયમર્યાદા | ઓછામાં ઓછી ૨૫ વર્ષ વધુમાં વધુ ૪૦ વર્ષ |
| ૪ | શૈક્ષણિક લાયકાત | ઉમેદવાર માન્ય યુનિવર્સિટીમાંથી સિવિલ ઈજનેરની સ્નાતક પદવી ધરાવતા હોવા જોઈએ. |
| ૫ | અનુભવ | ઉમેદવાર સરકારી / ખાનગી / કો.ઓપરેટીવ / જાહેર ક્ષેત્ર એકમોમાં પ્લાન તૈયાર કરવાનો, એસ્ટીમેન્ટ અને તેનેલગતી અન્ય તમામ સિવિલ ઈજનેરી બાબતોનો ઓછામાં ઓછો ૭ વર્ષનો સુપરવાઈઝરી અનુભવ સિવિલ ઈજનેરની સ્નાતકની પદવી બાદનો ધરાવતા હોવા જોઈએ. |
| ૬ | પગાર ધોરણ | સાતમા પગાર પંચ મુજબ લઘુત્તમ પગાર ધોરણ રૂ.૬૭,૭૦૦/– (પે મેટ્રીકસ લેવલ ૧૧) |

૧. **<u>સીધી ભરતીની પ્રક્રિયા માટે નિયત કરેલ વેઈટેજ ગુણ</u>** :–૨૫૦ ગુણ

| અ | લેખિત પરીક્ષા | કુલ ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| | Civil Engineering (English) | ૨૦૦ ગુણ | ૨ કલાક |
| બ | મૌખિક કસોટી(ઈન્ટરવ્યુ) | ૫૦ ગુણ | – |

નોંધ : પ્રશ્નપત્રનું સ્તર (Standard) સ્નાતક કક્ષાનું રહેશે.

૨. ૫૦ ગુણની રૂબરૂ મુલાકાત (ઈન્ટરવ્યુ)લેવામાં આવશે.

૩. લેખિત પરીક્ષાને આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. મેરીટ યાદીને આધારે નિગમ નકકી કરે તે મુજબ પ્રમાણપત્રોની ચકાસણી તેમજ મૌખિક મુલાકાત(INTERVIEW)નું આયોજન કરવામાં આવશે.

૪. અસલ પ્રમાણપત્રોની વિગતો કરતાં ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલી વિગતો જુદી કે ખોટી જણાશે તો તેવા ઉમેદારને પસંદગીને લાયક ગણવામાં આવશે અને તેની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

૫. રૂબરૂ મુલાકાત (ઈન્ટરવ્યુ) માટે મેરીટ મુજબ પાત્ર થયેલ ઉમેદવારને ઈન્ટરવ્યુમાં લઘુત્તમ ૧૭–ગુણ મેળવવાના રહેશે.

૬. રૂબરૂ મુલાકાત(ઈન્ટરવ્યુ)માં ૧૭ કે તેથી વધુ ગુણ મેળવી સફળ થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષાના ગુણ તથા રૂબરૂ મુલાકાતમાં ૫૦–ગુણમાંથી મેળવેલ ગુણ એમ બંને ગુણોનો સરવાળો કરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે, ત્યારબાદ યાદી મર્જ કરી મેરીટ મુજબ પ્રોવિઝનલ / આખરી પસંદગી યાદી / પ્રતિક્ષા યાદી બનાવવામાં આવશે.

C **<u>પગાર ધોરણ</u>** :–

સાતમા પગાર પંચ મુજબ લઘુત્તમ પગાર ધોરણ રૂા.૬૭,૭૦૦/– (પે મેટ્રીકસ લેવલ ૧૧) નિયમોનુસાર મળવાપાત્ર ભથ્થા / લાભો મળવાપાત્ર રહેશે.

D **<u>વય મર્યાદા</u>** :–

૧. ઓછામાં ઓછી ૨૫ વર્ષ વધુમાં વધુ ૪૦ વર્ષ

૨. તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા (ઉંમર) માટે અરજી કરવાની છેલ્લી તારીખ ધ્યાનમાં લેવામાં આવશે.

૩. આ જાહેરાતમાં દર્શાવેલ ઉંમર કરતાં વધારે ઉંમરવાળા ઉમેદવારે ફોર્મ ભર્યુ હશે અને ટેકનીકલી કારણોસર તે ફોર્મ ભરાઈ ગયુ હશે તો તે ફોર્મ આપોઆપ રદ ગણાશે અને આ બાબતે ઉમેદવારને કોઈ જાણ કરવામાં આવશે નહિ.

E **<u>નાગરિકત્વ</u>** :–

ઉમેદવાર, **(ક)** ભારતનો નાગકિ અથવા **(ખ)** નેપાળનો પ્રજાજન અથવા **(ગ)** ભૂતાનનો પ્રજાજન અથવા **(ઘ)** તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧ લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઈએ, અથવા **(ચ)** મૂળ ભારતીય વ્યકિત કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વપાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વઆફ્રિકાના દેશો, સંયુકત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઈથોપીયા અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંક(ખ), (ગ), (ઘ) અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ.

**<u>નોંધ</u>** :–જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક નિગમ વિચારણામાં લેશે અને જો નિમણૂંક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો નિગમ તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂંક આપશે.

F **<u>જન્મતારીખ</u>** :–

૧. નિગમમાં જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે, પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે, આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ શાળા છોડાનું મૂળ પ્રમાણપત્રમાં અધિકૃત અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મ તારીખ ......... છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસ હતા (Credibility) ના આધારે સ્વિકાર કે અસ્વિકારનો નિર્ણય નિગમ ઘ્વારા લેવામાં આવશે.

૨. શાળા છોડયાનું પ્રમાણપત્ર (L.C.) માં દર્શાવેલ જન્મ તારીખ મુજબ ઉંમરની ગણતરી ઘ્યાને લેવામાં આવશે.

૩. ઓનલાઈન અરજીપત્રકમાં જન્મતારીખ શાળા છોડાના પ્રમાણપત્ર (L.C.) મુજબ દર્શાવવાની રહેશે, અન્યથા અરજીપત્રક રદ થશે. ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ જન્મ તારીખ આખરી ગણાશે. આ બાબતે પાછળથી કોઈપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

G **<u>શૈક્ષણિક લાયકાત</u>** :–

૧. શૈક્ષણિક લાયકાત, વય, કોમ્પ્યુટર વગેરેના પ્રમાણપત્ર / માર્કશીટ અરજીપત્રક ભર્યા તારીખની સ્થિતિએ ઘ્યાનમાં લેવામાં આવશે. ત્યારબાદના પ્રમાણપત્રો હશે તો તે ગ્રાહય રાખવામાં આવશે નહી.

૨. શૈક્ષણિક લાયકાત સંદર્ભમાં ઉમેદવાર ઘ્વારા ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવવાની લાયકાતની માર્કશીટ યુનિવર્સીટી / સંસ્થા ઘ્વારા જે ટકાવારી દર્શાવેલ ન હોય તેવા કિસ્સામાં જે તે યુનિવર્સીટીના નિયમ મુજબ ટકાવારી દર્શાવવાની રહેશે અને તેના આધારભુત પુરાવા ઉમેદવારે જાતે જ રજુ કરવાના રહેશે. જો આધારભુત પુરાવા ઉમેદવાર જાતે જ રજુ નહી કરે તો નિગમ ઘ્વારા લેવામાં આવેલ નિર્ણય જે તે ઉમેદવારને બંધનકર્તારહેશે.

૩ ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ નામ તથા શાળા છોડયાનું પ્રમાણપત્ર (L.C.), શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર તથા અન્ય તમામ દસ્તાવેજોમાં નામ, અટક એક સરખું હોવું જોઈશે. જો સ્પેલીંગ મિસ્ટેક હશે તો ઉમેદવારે એફીડેવીટ રજુ કરવાનું રહેશે, અને જો પોતાના નામ અને અટકમાં ફેરફાર કરેલ હોય તો તે સુધારા અંગે ઓન લાઈન અરજી કર્યા તારીખ પહેલાની સરકારી ગેઝેટની નકલ રૂબરૂ દસ્તાવેજ ચકાસણીના સમયે રજુ કરવાની રહેશે.

૪ મહિલા ઉમેદવારોએ અરજીપત્રકમાં પિતાના નામને બદલે પતિનું નામ દર્શાવેલ હશે તો તે અંગેનું મેરેજ સર્ટીફીકેટ (લગ્ન નોંધણી પ્રમાણપત્ર) / સોંગદનામું (નોટરી કરાવી) / ગેઝેટ રૂબરૂ દસ્તાવેજ ચકાસણીના સમયે રજુ કરવાનું રહેશે.

૫ શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકકદાવો સ્વિકારવામાં આવશે નહીં.

૬ ઉમેદવાર નિગમના નિતિ–નિયમ મુજબ રાજય સરકારશ્રીના સા.વ.વિ.ના ઠરાવ નંબર સી.આર.આર.૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ–૫, તા.૧૩/૦૮/૦૮ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીપ્લોમાં / ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય પરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ કે ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. ઉમેદવારે આવા પ્રમાણપત્રો / માર્કશીટ (ઓનલાઈન અરજી કર્યા પહેલાનું) પસંદગી પૂર્વે અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાના રહેશે. અન્યથા તેઓનું અરજીપત્રક રદ થવા પામશે.

H **<u>અનુભવ</u>** :–

૧. શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીથી ૭ વર્ષનો પૂર્ણ સમયનો સરકારી/ ખાનગ/ કો.ઓપરેટીવ/જાહેર ક્ષેત્ર એકમોમાં પ્લાન તૈયાર કરવાનો, એસ્ટીમેંટ અને તેને લગતી અન્ય તમામ સિવિલ ઈજનેરી બાબતોનો સુપરવાઈઝરી અનુભવ. અનુભવ અરજી સ્વિકારવાની છેલ્લી તારીખ સુધીમાં ગણવામાં આવશે. જરૂરી શૈક્ષણિક લાયકાત પહેલાનો અનુભવ ધ્યાને લેવામાં આવશે નહિ.

૨. ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ) મુળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર / મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર લેટરપેડ પર સક્ષમ અધિકારીની સહી અને તારીખ સાથેનું રજુ કરવાનું રહેશે. અનુભવના પ્રમાણપત્ર તથા પ્રથમ પગાર સ્લીપ અને છેલ્લી પગાર સ્લીપ રજુ કરવાની રહેશે. અલગ અલગ સંસ્થામાં અનુભવના કીસ્સામાં સંસ્થામાં જોડાયાની પ્રથમ પગારની સ્લીપ અને છેલ્લા પગારની સ્લીપ ક્રમાનુસાર રજુ કરવાની રહેશે.

૩. ઉમેદવારે રજુ કરેલ પ્રમાણપત્રમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિં. અરજી કર્યા પછી અનુભવના નવા પ્રમાણપત્રો સ્વિકારવામાં આવશે નહિં.

૪. અંશકાલીન, રોજીંદા વેતનદાર, એપ્રેન્ટીશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રીત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહિ.

૫. પાર્ટ ટાઈમનો અનુભવ ધ્યાને લેવામાં આવશે નહિં.

**I** **ના વાંધા પ્રમાણપત્ર(NOC)**

ગુજરાત સરકારના સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચરીઓ નિગમની જાહેરાતના સંદર્ભમાં ઓનલાઈન અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે તથા "ના વાંધા પ્રમાણપત્ર" મેળવવાનું રહેશે. રૂબરૂ દસ્તાવેજ ચકાસણી સમયે નમૂના મુજબનું "ના વાંધા પ્રમાણપત્ર" રજુ કરવાનું રહેશે. નમૂનો (પરિશિષ્ટ–૧) મુજબ છે.

**J** **ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ, બરતરફ :–**

અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તકની કંપની કે બોર્ડ–કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે, અન્યથા અરજીપત્રક / નિમણૂંક રદ કરવામાં આવશે.

**K** **ફી :–**

સદરહુ જાહેરાતની ઓન લાઈન અરજી કરતી વખતે જનરલ કેટેગરીના ઉમેદવારે પોસ્ટ ઓફીસ ખાતે રૂ.૫૦૦/– તેમજ અનામત (આ.ન.વ./સા.શૈ.પ.વ./ અ.જા./અ.જ.જા.) કેટેગરીના ઉમેદવારોએ રૂ.૨૫૦/– મુજબ રોકડમાં ફી ભરવાની રહેશે. તમામે પોસ્ટલ ચાર્જ પેટે રૂ.૧૨/– પણ તા.૧૭/૭/૨૦૧૯ સુધીમાં ભરવાના રહેશે અને ચલણ ઓજશ વેબસાઈટ પરથી જ ડાઉનલોડ કરવાનું રહેશે.

અનામતનો લાભ મેળવનાર ઉમેદવારોએ પ્રમાણપત્રોની ચકાસણી સમયે જરૂરી જાતિના પ્રમાણપત્રો સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.

**L** **દસ્તાવેજ ચકાસણી સમયે સાથે લાવવાના દસ્તાવેજોની યાદી ( આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)**

૧ કોલ લેટર
૨ ભરેલ ફી ની પહોંચ
૩ ઓન લાઈન અરજીપત્રક
૪ શાળા છોડયાનું પ્રમાણપત્ર
૫ શૈક્ષણિક લાયકાત માટે દર્શાવેલ લાયકાતની તમામ માર્કશીટ.
૬ ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નકકી કરવાની થતી હોય) તેવા સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ જેમાં સંસ્થાના લેટર પેડ ઉપર ધારણ કરેલ જગ્યા, અનુભવનો સમયગાળો, અનુભવનો પ્રકાર, મેળવવામાં આવતા પગાર અને ભથ્થાઓની વિગત સાથે સંસ્થા દ્વારા આપવામાં આવેલ નિમણૂંક પત્રની નકલ તેમજ પ્રથમ અને છેલ્લી પગાર સ્લીપની નકલ.
૭ રાજય સરકારશ્રીના સા.વ.વિ.ના ઠરાવ નંબર–સીઆઆર–૧૦–૨૦૦૭ –૧૨૦૩૨૦–ગ–૫, તા.૧૩/૦૮/૨૦૦૮ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું તાલીમી સંસ્થાનું કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર / માર્કશીટ

૮ અન્ય સરકારી નોકરીના કીસ્સામાં "ના વાંધા પ્રમાણપત્ર"

૯ ઓન લાઈન અરજીપત્રકમાં દર્શાવેલ નામ તથા શાળા છોડયાનું પ્રમાણપત્ર (LC), શૈક્ષણિક લાયકાત તથા અન્ય તમામ દસ્તાવેજોમાં નામ, અટક એક સરખું હોવું જોઈશે. જો સ્પેલીંગ મીસ્ટેક હશે તો એફીડેવીટ રજુ કરવાનું રહેશે, અને જો નામ તથા અટકમાં ફેરફાર હશે તો ગેજેટસ રજુ કરવાનું રહેશે.

**૧૦** બે પાસપોર્ટ સાઈઝના ફોટા(તાજેતરમાં પડાવેલ)

૧૧ પરીક્ષા ફી ભરવામાં અનામતનો લાભ લીધેલ હોય તેવા ઉમેદવારોએ જરૂરી જાતિના પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.

**૧૨** અરજી પત્રકમાં દર્શાવેલ વિગતના સમર્થનમાં દસ્તાવેજ ચકાસણી સમયે જે તે દસ્તાવેજો રજુ કરવાનું કહેવામાં આવે તે તમામ દસ્તાવેજો તેજ સમયે રજુ કરવાના રહેશે.

ઉપર મુજબ જે લાગુ પડતા હોય તે અસલ દસ્તાવેજો તથા એક સેટ પ્રમાણીત કરેલ ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે તથા ઝેરોક્ષ કોપીઓ ચેકલીસ્ટ મુજબ બે નકલમાં ચેકલીસ્ટ તૈયર કરી ફાઈલમાં મુકી પ્રમાણપત્ર નંબર / પેજ નંબર સહિત રજૂ કરવાનું રહેશે. ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ વિગત જે પ્રમાણપત્રના આધારે ભરેલ હોય તેજ રજુ કરવાની જવાબદારી ઉમેદવારની છે. ઉમેદવાર પાસે આવા પ્રમાણપત્ર ઉપલબ્ધ હશે પરંતુ રજુ કરેલ નહિં હોય તો પાછળથી આવા પ્રમાણપત્ર સ્વિકારવામાં આવશે નહિં તેમજ આ બાબતે કોઈપણ તકરાર / રજુઆત ઘ્યાને લેવામાં આવશે નહિં.

M **<u>નીચેના સંજોગોમાં અરજીપત્રક રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)</u>**

**૧** ઓન લાઈન અરજીપત્રકમાં દર્શાવેલ જન્મ તારીખ, શાળા છોડયાના પ્રમાણપત્ર (LC) થી અલગ હશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.

**૨** ઓનલાઈન અરજીપત્રકમાં લઘુત્તમ શૈક્ષણિક લાયકાત માટે દર્શાવેલ શૈક્ષણિક લાયકાત નકકી ધરાવતા હોય તો અરજીપત્રક રદ કરવામાં આવશે.

**૩** ઉમેદવારે પ્રમાણપત્રમાં દર્શાવેલ વર્ગ (ટકાવારી) જે ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવવાનો રહેશે. જો માર્કશીટમાં દર્શાવેલ વર્ગ(ટકાવારી) કરતાં ઓનલાઈન અરજીપત્રકમાં ઉચ્ચ વર્ગ (ટકાવારી) દર્શાવેલ હશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.

**૪** ઓન લાઈન અરજીપત્રકમાં દર્શાવેલ અનુભવની વિગતો સાથે રૂબરૂ મુલકાત સમયે દર્શાવેલ અનુભવના પ્રમાણપત્ર તેમજ અન્ય વિગતો અલગ હશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.

**૫.** ઉમેદવાર નિગમના નીતિ નિયમ મુજબ રાજય સરકારશ્રીના સા.વ.વિ.ના ઠરાવ નં.સીઆરસી–૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ–૫, તા.૧૩/૦૮/૨૦૦૮ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા જોવા અંગેનું તાલીમી સંસ્થાનું કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર / માર્કશીટ ઓનલાઈન અરજી કર્યા પહેલાનું રજુ નહિં કરે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.

**૬** અન્ય સરકારી નોકરીના કીસ્સામાં "ના વાંધા પ્રમાણપત્ર" રજુ નહિં કરે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.

૭ રૂબરૂ મુલાકાત (ઈન્ટરવ્યુ) માટેની યાદી બનાવતા પહેલા દસ્તાવેજ ચકાસણી કરાવવા બોલાવેલ ઉમેદવારે નિયત ફી નહિં ભરેલ હોય તો અરજીપત્રક રદ કરવામાં આવશે.

૮ ઓનલાઈન અરજીપત્રકમાં અરજદારનો પોતાનો ફોટો કે સહી નહિં હોય અથવા પોતાના બદલે અન્ય નો ફોટો કે સહી હશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે.

N **<u>અન્ય અગત્યની સુચનાઓ :–</u>**

૧ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી નિગમની વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.

૨ આ જાહેરાતમાં દર્શાવેલ વિગતો સિવાયની વિગતોએ ફોર્મ ભર્યુ હશે અને ટેકનીકલ કારણોસર તે ફોર્મ ભરાઈ ગયું હશે તો તે ફોર્મ આપોઆપ રદ ગણાશે અને આ બાબતે ઉમેદવારને કોઈ જાણ કરવામાં આવશે નહિં.

૩ કોઈપણ અરજીપત્રકો ટપાલ કે રૂબરૂમાં નિગમની કચેરીને મોકલવાના રહેશે નહિં. આવા મોકલી આપેલ અરજીપત્રકો દફતરે કરવામાં આવશે તેમજ તેની કોઈ જાણ ઉમેદવારને કરવામાં આવશે નહિ.

૪ અરજીપત્રક ભરતા પહેલા નિગમની તેમજ ઓજશ વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને ઓનલાઈન અરજીપત્રક ભરવા બાબતની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે અને ત્યારબાદ જ ઓનલાઈન અરજીપત્રક ભરવું.

૫ સંબંધિત જગ્યાઓની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની અને આ જાહેરાતની સુચનાઓમાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાનો નિગમને સંપૂર્ણ અબાધિત હકક / અધિકાર રહેશે અને નિગમ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નીહં તેમજ તેવા સંજોગોમાં ભરેલ કોઈપણ પ્રકારની ફી પરત મળવાપાત્ર થશે નહિં.

૬ ઓનલાઈન અરજીપત્રકમાં ઉમેદવાર દ્વારા દર્શાવેલ વિગતો જેવી કે વ્યકિતગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જ જવાબદાર રહે છે.

૭ આ કક્ષા માટે નિગમ દ્વારા અરજીપત્રક ઓનલાઈન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી / જુદી માહિતી આપવાનું નિગમને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય નિગમ લેશે.

૮ ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણપત્ર ઓનલાઈન આપવાનું રહેતું હોઈ જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનું ફોર્મ રદ થવાપાત્ર બનશે તથા તેની સામે ફોજદારી ગુનો બનશે.

૯ વ્યકિતગત માહિતી, શૈક્ષણિક લાયકાત, માટેની ઉંમર, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી નિગમ દ્વારા કરવામાં આવશે અને આ અંગે નિગમનો નિર્ણય જ અંતિમ રહેશે.

૧૦ ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહિં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે નિગમની સેવા સારૂ તે ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

૧૧ આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગની જાહેરાતમાં દર્શાવેલ જોગવાઈ મુજબ પ્રવર્તમાન ભરતી નિયમોને આધીન રહેશે.

૧૨. ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવી બાકાત રાખવામાં આવશે.

૧૩ ઓનલાઈન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ નિગમ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલો સહિત) રજુ કરવાના રહેશે એવા પુરાવા રજૂ નહિં કરી શકશનાર ઉમેદવારનું અરજીપત્રક જે–તે તબકકેથી "રદ" ગણવામાં આવશે.

૧૪ ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો અપલોડ કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટોની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત–સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટોની કોપીનો ઉપયોગ કરવનો રહેશે.(જેમ કે અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટોની કોપી રજુ કરવાની રહેશે.

૧૫ ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવેલ છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં નિગમ તરફથી અમુક સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર એસ.એમ.એસ.થી મોકલવામાં આવી શકે છે. તેથી દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહિં.

૧૬ ઉમેદવાર પોતે રૂબરૂ મુલાકાતમાં સફળ થયો હોવાના કારણે જ સબંધીત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહિં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે નિગમ માટે ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

૧૭ ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ કોઈપણ વિગત અસલ પ્રમાણપત્રો, ફોટોગ્રાફ સહિતની ખોટી એટલે કે બોગસ / જુદી / અલગ બતાવેલ / છુપાવેલ હશે તો તેનું ઉમેદવારી પત્રક કોઈપણ તબકકે રદ કરવામાં આવશે તથા તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે અથવા નિમણૂંક આપી દીધેલ હશે તો પણ તેની ઉમેદવારો આપોઆપ રદ ગણાશે, અને આવા ઉમેદવાર સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

૧૮ ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ કોઈપણ વિગત અસલ પ્રમાણપત્રો, ફોટોગ્રાફ સહિતની ખોટી એટલે કે બોગસ / જુદી / અલગ ભરેલ હોવાનું જણાવી તે સુધારવા બાબતે પાછળથી કોઈ લેખિત કે મૌખિક રજુઆત કરવામાં આવશે તો તે ગ્રાહય રાખવામાં આવશે નહિં અને આવી રજુઆતો બાબતે કોઈ જ કાર્યવાહી કરવામાં આવશે નહિં તેમજ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

૧૯ ઉમેદવાર અરજી કર્યેથી નિમણૂંક મેળવે તે સમયગાળા દરમ્યાન તેઓને કોઈપણ સક્ષમ કોર્ટ દ્વારા ગુન્હેગાર ઠરાવેલ હોય અથવા તેમની સામે કોઈપણ પોલીસ ઓથોરીટી અથવા ફોજદારી કોર્ટ સમક્ષ કેસ / ફરિયાદ પડતર હશે તો તેમજ તેવા કોઈપણ કેસમાં સજા થયેલ હશે તો તેવા ઉમેદવારોના અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહિં. જો આવા ઉમેદવાર દ્વારા આવી માહિતી છુપાવીને પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે તેમજ આવા કેસ / ફરિયાદ અન્વયે તેઓ બાદમાં નિર્દોષ પુરવાર થાય તો પણ તેઓ નિમણૂંક માટે દાવો કરી શકશે નહિં.

૨૦ ઉમેદવાર જો ગુ.રા.ના.પુ.નિગમ લિ., કે અર્ધ સરકારી સંસ્થા, અન્ય બોર્ડ કે કોર્પોરેશનમાં નોકરી કરતા હોય તો તેની સ્પષ્ટ વિગતો અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. અન્યથા પાછળથી આવી માહિતી માલુમ પડશે તો ઉમેદવાર પસંદ થયેલ હશે તો પણ તેઓની પસંદગી રદ કરવામાં આવશે.

૨૧ અરજી કરનાર ઉમેદવાર જો ગુ.રા.ના.પુ.નિગમ લિ., સરકારી કે અર્ધ સરકારી સંસ્થા, અન્ય બોર્ડ કે કોર્પોરેશનમાંથી બરતરફ કે રૂખસદ થયેલ હોય તો તેની વિગત ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. આવા ઉમેવારોના અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહિં.

૨૨ ઓનલાઈન અરજીપત્રકમાં જો કોઈ ઉમેદવાર દ્વારા સાચી વિગતો છુપાવીને ખોટી માહિતી ભરવામાં આવશે તો તેવા ઉમેદવાર સામે પોલીસ ફરિયાદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

૨૩ નિગમ દ્વારા યોજેલ આ ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાપાત્ર થશે.

૨૪ ઉમેદવારના નામમાં ભાઈ કે બહેન દર્શાવેલ હશે અને ફોટોગ્રાફ સ્પષ્ટ રીતે તેઓના જેન્ડર મુજબ જણાતો નહીં હોય અથવા ફોટોગ્રાફ અસ્પષ્ટ હશે તો અરજદારનું અરજીપત્રક રદ કરવામાં આવશે.

૨૫ સીધી ભરતીની જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની ૨૦ ટકા પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે તેમજ પ્રતિક્ષાયાદી (વેઈટીંગ લીસ્ટ) પ્રસિધ્ધ થયા તારીખથી એક વર્ષ અથવા આ કક્ષાની ભરતી પ્રક્રિયા માટે હવેપછીની પહેલી જાહેરાત પ્રસિધ્ધ થાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમય મર્યાદા પુરી થતા પ્રતિક્ષાયાદી આપોઆપ રદ થયેલ ગણાશે. પ્રતિક્ષાયાદી રાખવાની ટકાવારીમાં જરૂર જણાય તો ફેરફાર કરવાનો નિગમને અબાધીત હકક રહેશે.

૨૬ નિગમને જરૂર જણાયેથી પ્રોવિઝનલ પસંદગી યાદી / પ્રતિક્ષાયાદીનાં આધારે નિમણૂંકની કાર્યવાહી હાથ ધરી શકશે. પ્રોવિઝનલ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારની પસંદગી બાબતે નિગમની જોગવાઈ મુજબ સુસંગત ન જણાયે થી તેઓને નિમણૂંક આપી દીધી હશે તો પણ રદ થઈ શકશે.

૨૭ આ જાહેરાત માટે ન્યાયીક ક્ષેત્ર ગાંધીનગર રહેશે.

**અરજી કરવાની રીત** :–

આ જાહેરાતના સંદર્ભમાં નિગમ દ્વારા ઓનલાઈન અરજી જ સ્વિકારવામાં આવશે. તમો આ જાહેરાતમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન https://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશો. તમોએ **(૧)** સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in પર જવું હવે **(૨)** "APPLY ONLINE CLICK" કરવું **(૩)** તમો જે કક્ષા માટેની અરજી કરવા માંગતા હશો તે કક્ષા પર CLICK કરવાથી તે જગ્યાની વિગતો / અન્ય માહિતી મળશે. **(૪)** તેની નીચે APPLY NOW પર CLICK કરવાથી APPLIOCATION FORM ખુલશે જેમાં સૌ પ્રથમ PERSONAL DETAILS તમોએ ભરવી. (અહિં લાલ ફુંદડી(*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.) **(૫)** PERSONAL DETAILS ભરાયા બાદ MINIMUM EDUCATION DETAILS ભરવા માટે EDUCATIONAL QUALIFICATION પર CLICK કરવું **(૬)** વધારાની લાયકાત દર્શાવવા માટે ADDITIONAL EDUCATIONAL QUALIFICATION ઉપર CLICK કરીને તેની વિગતો ભરવી. જો તમો લઘુત્તમ / અગ્રતા માટેની વધુ લાયકાતો ધરાવતા હોય તો તમને

ફાયદાકારક હોય તેવી દરેકમાં કોઈપણ એકજ લાયકાત અરજીપત્રકમાં દર્શાવવી. જેમાં પાછળથી કોઈ ફેરફારને અવકાશ રહેશે નહિં. **(૭)** જો તમો કોમ્પ્યુટરની જાણકારી ધરાવતા હોય તો YES SELECT કરવું **(૮)** ફોજદારી કોર્ટે ગુનેગાર ઠરાવેલ હોય તો તેની વિગતો દર્શાવવાની રહેશે. **(૯)** તેની નીચે SELF DECLARATION પર CLICK કરો ત્યારબાદ **(૧૦)** ઉપરની શરતો સ્વિકારવા માટે YES પર CLICK કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે. **(૧૧)** હવે SAVE પર CLICK કરવાથી તમારી અરજીનો ONLINE સ્વિકાર થશે. **(૧૨)** અરજી કર્યા બાદ તમારો APPLICATION NUMBER GENERATE થશે. જે તમારે સાચવીને રાખવાનો રહેશે. **(૧૩)** હવે UPLOAD PHOTOGRAPH પર CLICK કરી. અહીં તમારો APPLICATION NUMBER TYPE કરો અને તમારી BIRTH DATE TYPE કરો ત્યારબાદ OK પર CLICK કરો. અહીં PHOTO અને SIGNATURE UPLOAD કરવાના છે. (PHOTOનું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને SIGNATUREનું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) (PHOTO અને SIGNATURE UPLOAD કરવા સૌ પ્રથમ તમારો PHOTO (10 KB સાઈઝથી વધારે નહિં તે રીતે) અને SIGNATURE(10 KB સાઈઝથી વધારે નહિં તે રીતે) JPG FORMATમાં COMPUTERમાં હોવા જોઈએ.) "BROWSE" BUTTON પર CLICK કરો હવે CHOOSE FILEના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં JPG FORMATમાં તમારો PHOTO STORE થયેલ છે તે ફાઈલને SELECT કરો અને OPEN BUTTON ને CLICK કરો. હવે તમારો PHOTO દેખાશે. હવે આ જ રીતે SIGNATURE પણ UPLOAD કરવાની રહેશે. **(૧૪)** હવે પેજના ઉપરના ભાગમાં CONFIRM APPLICATION પર CLICK કરો અને APPLICATION NUMBER તથા BIRTH DATE ટાઈપ કર્યા બાદ OK પર કલીક કરવાથી ૨ બટન **(૧)** SHOW APPLICATION PREVIEW અને **(૨)** CONFIRM APPLICATION દેખાશે. ઉમેદવારે SHOW APPLICATION PREVIEW પર CLICK કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો EDIT કરી લેવું. જો અરજી સુધારવાની જરૂર ન જણાતી હોય તો CONFIRM APPLICATION પર CLICK કરો તેથી તમારી અરજીનો નિગમમાં ONLINE સ્વિકાર થઈ જશે.(અરજી **CONFIRM** કરવી ફરજીયાત છે) અહિં **"CONFIRMATION NUMBER"** GENERATE થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ તમારે સાચવવાનો રહેશે. **(૧૬)** હવે PRINT APPLICATION પર CLICK કરવું. તમે કરેલ અરજીની જાહેરાત પસંદ કર્યા બાદ તમારો "CONFIRMATION NUMBER" TYPE કરીને જન્મ તારીખ નાંખવાથી **PRINT** બટન પર CLICK કરી અરજીની પ્રિન્ટ કાઢી સાચવી રાખવી.

<u>**પરિશિષ્ટ–૧**</u>

## ના વાંધા પ્રમાણપત્રનો નમૂનો

### પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી____________________ થી સતત જગ્યા પર કામ કરે છે.

**૧.** એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જયારે તેઓની સરકારમાં પ્રથમ નિમણૂંક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂંક માન્ય પદ્ધત્તિ દ્વારા હંગામી / કાયમી રીતે કરવામાં આવી છે.

**૨.** જગ્યાનું નામ :__________________________________, વર્ગ ________________ જે જગ્યા માટે શ્રી / શ્રીમતી __________________એ અરજી કરી છે તે ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખુ નથી.

( )
હોદ્દો
ખાતાના વડા

સ્થળ :
તારીખ:

પ્રતિ,
શ્રી ____________________
____________________
____________________